Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૯ · તા. ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## કાળ પણ નહીં વિસરાવી શકે તમારી સ્મૃતિ



જન્મ :
૧૫મી જુન ૧૯૫૫





દેહાંત :
૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૩

## ચંપક રાયચંદ જીવાણી

### જખૌ – ડોંબીવલી

હતા તમે સામાન્યોના અસામાન્ય પ્રતિનિધિ,
જાણો પરિવાર - મિત્રવર્તુળ - ગામ - સમાજને ઉપયોગી થવાની વિધિ...
કાળ વિજયી તમારી બહુમુખી વ્યક્તિતત્વની સ્મૃતિનિધિ,
પ્રેરણા રૂપ રહેશો સદાય ભલે વીતે દીર્ઘ અવધિ !

## પ્રકાશ સમીક્ષા પરિવાર

K.D.O STUDENTS ASSOCIATION

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

Like us on f : www.facebook.com/shreekdostudentsassociation

61 Shree KDO Students Association

Estd. 15th August 1954

## 60 ષષ્ઠીપુર્તિ ઉજવણી પ્રસંગે સંકલ્પનામું

## 888 જ્ઞાતિજનો નેત્રદાન સંકલ્પમાં જોડાયા

વિદ્યાર્થીસંઘના ૬૧મા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે

## EYE CHECK-UP CAMP

શુક્રવાર, તા. 15 ઓગસ્ટ 2014

૨૦૦ જ્ઞાતિજન લાભાર્થીઓ...



વિધાનસભ્યશ્રી રવિન્દ્ર ચવ્હાણને પુષ્પગુચ્છ અર્પણ કરતા પ્રમુખશ્રી અનુજ લોડાયા



આઇ ચેકઅપ કેમ્પનું શુભારંભ કરતા ડૉ. સચીન ફેગડે અને આમંત્રિત મહેમાનો



દિપ પ્રાગટ્ય કરતા શ્રી રાયચંદ જીવાણી, શ્રી હરીશ સિયાડ અને શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના પદાધિકારીઓ



આઇ-ચેકઅપ કરતા ડૉ. સચીન ફેગડે



અતિથી વિશેષ કલ્પેશ મોતા, શ્રી હીરાલાલ ડાઘા અને શ્રી નિલેષ મોતા



કાર્યક્રમના શુભેચ્છક શ્રી કલ્પેશ મોતા, શ્રી હીરાલાલ ડાઘા અને શ્રી નિલેષ મોતા





શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ ના પદાધિકારીઓ અને સંપૂર્ણ આયોજક ટીમ

।। क्षमा विरस्य भूषणम् ।।

## મિચ્છામી દુક્કડમ્ !

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ – મુંબઇ ના દરેક પદાધિકારીઓ સમસ્ત કમિટીવતીથી સવંત્સરી મહાપર્વ દરમ્યાન અમારા માનવંતા દાતાશ્રીઓ, વિદ્યાર્થીસંઘના સભ્યો તેમજ સર્વે ક.દ.ઓ. જ્ઞાતિજનો ને મન-વચન-કાયાથી કોઇને પણ મન દુ:ખ થયું હોય તો સર્વેને મિચ્છામી દુક્કડમ્ !!!

સૌજન્ય

AMBA SHIPPING AGENCIES
Clearing Forwarding & Shipping Agents

માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ (મુલુન્ડ)
માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી)
માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા)

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ આયોજીત આય ચેકઅપ કેમ્પ

શ્રી સંઘ સ્થાપના દિવસે શુક્રવાર ૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ના ડોંબિવલી મધ્યે આય ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. દિપ પ્રાગટય સાથે મહેમાનો અને મહાનુભાવોના હસ્તે કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. નવકાર પઠન અને રાષ્ટ્રગીત ગાઈને કેમ્પની શરૂઆત કરવામાં આવી.

આ કાર્યક્રમના પ્રમુખપદે શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, અતિથી વિશેષ તરીકે શ્રી કલ્પેશ માણેકજી મોતા, નિલેશ માણેકજી મોતા, સ્થાનિક આમદાર શ્રી રવિન્દ્ર ચૌહાણ હતા.

શ્રી ક.દ.ઓ મંડળ ડોંબિવલીના પ્રમુખ શ્રી રાયચંદ જીવાણી, માનદ મંત્રી શ્રી હરિશ શિયાડ અને મંડળના અન્ય પદાધિકારી, શ્રી ક.દ.ઓ. મહાજન મુંબઈ વતી શ્રી વિરેન્દ્ર લોડાયા, શ્રી અરવિંદભાઈ લોડાયા, શ્રી યોગેશભાઈ, શ્રી રાજેશભાઈ લોડાયા, શ્રી ક.દ.ઓ.યંગસ્ટાર્સ ગ્રુપના પદાધિકારીઓ, શ્રી સ્વસ્તિક ગ્રુપના પદાધિકારી તથા ડોંબિવલીના શ્રી કપિશભાઈ મોમાયા, શ્રી કમલેશ શિયાડ, શ્રી તિલકભાઈ મહેશ્વરી આદિ મહાનુભવો કાર્યક્રમમાં પધાર્યા હતા.

કાર્યક્રમના આયોજનની જવાબદારી સંઘના પ્રમુખશ્રી અનુજ ગિરિશ લોડાયાએ પાર પાડેલ અને પોતાના મનોગતમાં સંઘના૬૧ વર્ષની યશોગાથા સંક્ષિપ્તમાં રજૂ કરી હતી. અતિથી વિશેષ અને દાતાશ્રી કલ્પેશ માણેકજી મોતાએ શ્રી સંઘને આરોગ્યની પ્રવૃત્તિ બદલ અભિનંદન કરેલ. શ્રી હીરાલાલભાઈ ડાઘાએ જણાવ્યું કે યુવાઓ જ્ઞાતિના આરોગ્ય માટે પ્રવૃત્તિઓ કરે છે જે જ્ઞાતિલક્ષી મુલ્ય શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. સ્થાનિક આમદાર રવિન્દ્ર ચૌવાણ એ આશ્ચર્ય અનુભવતા જણાવેલ કે ૬૧ વર્ષથી ચાલતી યુવા પ્રવૃત્તિ તેમણે પહેલી વાર નજર સમક્ષ નિહાળેલ.

આંખના ડૉ સચિન હેંગડે એ જ્ઞાતિજનો માટે ૫૦ ટકા ડિસ્કાઉન્ટ જાહેર કરેલ. તે માટે શ્રી વિદ્યાર્થી સંઘ તેમનો અને સાર્થ નેત્રાલયના સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો.

શ્રી રાયચંદભાઈ જીવાણી એ સંઘની પ્રવૃત્તિને બિરદાવેલ. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ જેટલા જ્ઞાતિજનોએ આય ચેકઅપનો લાભ લીધેલ. ૮૮ જ્ઞાતિજનોએ શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના સ્થાપના દિન નિમિત્તે નેત્રદાન કરવાનું સંકલ્પનામું ભરેલ.

આ કાર્યક્રમ  માટે શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના પ્રમુખશ્રી અનુજ લોડાયા, શ્રી ઉર્મિન લોડાયા, શ્રી મયંક મોમાયા, શ્રી દિવેશ લોડાયા, શ્રી તેજસ ખોના, શ્રી રાજેન લોડાયા, શ્રી ઉર્વેશ છેડા, શ્રી ઉદય મોમાયા, શ્રી અપેન ખોના, શ્રી નિરવ મોતા, શ્રી કેવલ ધરમશી, શ્રી જયમિશ ધરમશી, શ્રી રાકેશ મૈશેરી, કુ. ઉર્વી લોડાયા, કુ. ફોરમ નાગડા, કુ.એકતા લોડાયા, કુ. નિકિતા લોડાયા, કુ. પુજા લોડાયા, કુ. પુજા ધરમશી, કુ. લબ્ધિ લોડાયા, કુ.જલ્પા મોમાયા, કુ.સૃષ્ટિ લોડાયાએ મળીને સારી જહેમત ઉપાડેલ. આ કાર્યક્રમમાં કન્વીનર શ્રી હેમીલ દંડ ાને ધર્મીતા લોડાયા રહ્યા. આ કાર્યક્રમ માટે કુ. મીત્તલ નાગડા, કુ. બીના મૈશેરી, શ્રી શુભમ લાપસીયા, શ્રી હરીશ સાયલા વગેરેએ વિશેષ કાર્ય કરેલ. આ સમસ્ત કાર્યકર્મના દાતાશ્રી માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર અને માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર રહ્યા.

### મુંબઈ મહાજન યોજે છે સગપણ સેતુ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ દ્વારા પાંચમો સગપણ સેતુ (RIGHT MATCH) આગામી **૧૬ નવેમ્બર ૨૦૧૪**ના યોજવાનું નક્કી થયેલ છે. અરજીપત્રકો મહાજનના કાર્યાલય (022-23448274) અથવા ચાંદની પરેશ લાલકા (98332 25053) નો સંપર્ક કરી નોંધણી કરાવવા જ્ઞાતિજનોને અનુરોધ કરાયેલ છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રેષ્ઠ જ્ઞાતિ મંડળ ના રોલ મોડલ સમાન શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળને તેની સુવર્ણ જયંતી નિમિત્તે શુભેચ્છાઓ.... તેમનો સુવર્ણ જયંતી મહોત્સવ અવિસ્મરણિય નીવડે એવી અંતરની ઈચ્છા. - તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 39/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# રાયપુર સંમેલનને સફળ બનાવવાની દિશામાં નક્કર વિચારવલોણું

મહારાષ્ટ્ર એકમના ચાલીસગામ ખાતેના વાર્ષિક ઉત્સવ સાથે ગત ૧૪ સપ્ટેમ્બરના યોજાયેલ શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટ બોર્ડ - મહાસમિતિ તથા સંમેલનને સફળ બનાવવા માટેની જ્ઞાતિજનોની ખુલ્લી બેઠકોને સંયુક્ત રીતે રાયપુર સંમેલનને સફળ બનાવવાની દિશામાં નક્કર વિચાર વલોણું કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

આ બેઠકોની ફલશ્રુતિરૂપે શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન ચોક્કસપણે જેની હાજરી સતત વર્તાતી હોય એવી સંસ્થા બનશે એવો આશાવાદ વિવિધ આગેવાનોએ વ્યક્ત કર્યો.

સમસ્ત મહાજનને પ્રભાવકારી સંસ્થા બનાવવા માટે બંધારણમાં શું સુધારા જરૂરી છે તેનો સ્પષ્ટ ખ્યાલ સમસ્ત મહાજનના આગેવાનો પાસે છે એમ આ બેઠકોની કાર્યવાહીથી ફલિત થયું.

જોકે ઉક્ત બધી બેઠકોમાં પોતાની કાર્યસુચિ અને નિર્ણયોના અમલ માટે જરૂરી માહિતી મેળવે તથા આપે એવા કાયમી મંત્રાલય (સક્રેટરીએટ) નો અત્યારે જે અભાવ છે તેને કેમ પૂરવો એ બાબત વિવિધ સૂચનો થયા અને બિઝનેશ લાઈક (વ્યવસાયી નિષ્ઠાથી) કામ કર્યા સિવાય પરિણામ નહીં લાવી શકાય એ વાત પર ભાર મૂકાયો.

સેક્રેટરીએટ સાથે તરત જ તેને માટે આવશ્યક ભંડોળની વાત આવી તેને અનુસરતાં અન્ય પ્રવૃત્તિઓ માટે પણ ભંડોળ કરવું કે નહીં એની વાત પણ નીકળી. લાંબી વિચારણા બાદ સમસ્ત મહાજન પાસે તેનું પોતાનું ભંડોળ હોવું જ જોઈએ એ બાબત બંધારણમાં સુધારણા કરવાનું નક્કી થયું.

જોકે આ ભંડોળ સભ્ય મહાજનો પોતે એકઠી કરેલી રકમમાંથી ૧૦ ટકા ફાળારૂપે આપે કે એ બાબત સ્વતંત્ર રીતે દાનવીરોનો સંપર્ક કરાય એ બાબત વધુ વિચારણા કરવાનું નક્કી થયું. સમસ્તના વરિષ્ઠ આગેવાન કિરીટ લાપસીયાએ જ્ઞાતિના સાધન સંપન્નો પોતાના હિસાબોમાં ધર્માદાનું ખાતું રાખે અને તેમાંથી સારી એવી રકમ ફાળવે એ માટે તેમની સાથે વાત થવી જોઈએ એવું સુચન કર્યું.

સમસ્ત મહાજનના ઘણા આગેવાનોનો મત છે કે વસતિપત્રક સમિતિ સ્વતંત્ર નહીં પણ સમસ્ત મહાજનના સેક્રેટરીએટના ભાગરૂપે હોવી જોઈએ. જો કે બાબત વધુ ગુંચવાય નહીં એ માટે આ મુદ્દાનો ઉલ્લેખ માત્ર આગેવાનોની અનૌપચારિક વાતચીતમાં જ થયો.

સમસ્ત મહાજન છેલ્લા અઢી વર્ષથી જ્ઞાતિમાં અપાતી મેડીકલ અને શૈક્ષણિક સહાય માટે વનવીંડો સીસ્ટમ લાવવા સક્રિય છે. શિક્ષણ પ્રસારક સમિતિએ આમ તો શિક્ષણની બાબત શૈક્ષણિક સહાય કરતા વિવિધ દાતાઓ સાથે જીવંત નાતો બનાવી વનવીંડો સીસ્ટમ જેવી વ્યવસ્થા કરી છે. પણ લાભ લેનારા આ વાત જણાવ્યા વગર શૈક્ષણિક સહાય

આપતા ગામ મહાજનો પાસેથી પણ સારી એવી રકમ મેળવે છે. કોઈ આવો ગેરલાભ ન ઉઠાવે એ બાબત કંઈક નક્કર વિચારવું જોઈએ એવો મત પણ બેઠકોમાં વારંવાર વ્યક્ત થયો.

મેડિકલ સહાય બાબત સૌનો મત એવો હતો કે મેડિક્લેમ છત્રનો અસરકારક ઉપયોગ કરી જ્ઞાતિની મેડીકલ સહાયની જરૂરત એકદમ ઘટાડી નાખવી જોઈએ અને જરૂરત પડે મેડિક્લેમ ઉપરાંતની સહાયતા સમસ્ત મહાજને વનવીંડો સીસ્ટમ દ્વારા ઉપલબ્ધ કરાવવી એવો મત વ્યક્ત થયો.

સમસ્તના વરિષ્ઠ આગેવાન શ્રી કિરીટ લાપસીયાના મત પ્રમાણે વનાળો કે વડી રજા જેવી અપ્રસ્તુત બની ગયેલી પ્રથાઓ બંધ કરવા અંગે ભલે ઈ.સ. ૧૯૧૧માં ઠરાવ થયો હોય પણ સમસ્ત મહાજને આ બાબત જ્ઞાતિજનોની મરજી પર છોડી દેવી જોઈએ.

લેખક સાથેની વાતચીતમાં જોકે સેક્રેટરી જનરલે માહિતી આપી કે આમ તો સમસ્ત મહાજનો ઘણા સમય પહેલાં જ્ઞાતિના જ્ઞાતિરિવાજો વિશેના લખાણોને સંકલિત કરી તેનું પુસ્તક ગુજરાતી - અંગ્રેજી બન્ને ભાષામાં પ્રગટ કરવાનો નિર્ણય લીધેલો જ છે.

અનૌપચારિક રીતે સમસ્ત મહાજનનું ભંડોળ સ્વતંત્ર ઉઘરાણું કરી આર્થિક રીતે નબળા મહાજનોને સબળ બનાવે તથા વિવિધ પ્રવૃત્તિઓ તેમના દ્વારા જ ચાલે એવો પણ મત વ્યક્ત થયો હતો.

સમસ્ત મહાજન જેવી કેન્દ્રીય સંસ્થાને યુવા શક્તિ અને નારી શક્તિના આધારે ચેતનવંતી બનાવવાના માટે વિચાર અંગે પણ સર્વ સંમતિ હતી. અલબત્ત, તેને માટે કોઈ પ્રકારની અનામત બેઠકોની ફાળવણી બંધારણમાં સુધારા દ્વારા કરવાની આવશ્યકતા જણાતી નથી. જ્ઞાતિના વિવિધ એકમોના નારી મંચ અને યુવા મંચને સંકલિત કરીને સમસ્ત મહાજનની નારી અને યવુા પાંખો ઊભી કરીને આ બન્ને પ્રકારની શક્તિઓને જ્ઞાતિના સમાજજીવનમાં વધુ સક્રિય અને પરિણામકારક બનાવી શકાશે એમ સૌનું માનવું થયું.

દરમિયાન મુંબઈમાં પણ મહાજન વતી મહાસમિતિ અને ટ્રસ્ટ બોર્ડમાં નિમાયેલા આગેવાનોની સભા બોલાવવામાં આવી છે. જોકે નિયમ પ્રમાણે મુંબઈએ ૩૫૦ જેટલા પ્રતિનિધિ સંમેલનમાં મોકલવાના છે. તેની વ્યવસ્થિત કાર્યવાહી તરીકે જેમને રાયપુર જઈને મુંબઈનું પ્રતિનિધિત્વ કરવું હોય તેમની પાસે અરજી મંગાવી મહાજનની બેઠકમાં નિમણુક કરવા અંગે ચક્રો ગતિમાન થયા હોય એવું લાગતું નથી.

જોકે આ બેઠકોમાં એ વાતની ચર્ચા પણ થઈ કે જો જ્યાં ૭૦ ટકા જ્ઞાતિજનો વસતા હોય એ


**એમ્બ્રોડરીનું ભવ્ય સેલ મહાવીરમાં**
**ગુરૂવાર ૨૫.૦૯.૧૪ થી ૨૩.૧૦.૧૪**

- હાથ ભરત તેમજ રેશમભરતની ભારે સાડીઓ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ
- ઘરચોળા માટે પીટા-કસબ-બટકસબની બોર્ડરોમાં ૨૦% ડિસ્કાઉન્ટ
- ફેન્સી ભારે બ્લાઉઝ ૨૦% ડિસ્કાઉન્ટ
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરાવીને મજુરી ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ
- ઝરી રેશમની ફેન્સી તૈયાર સાડીઓ ઉપર ૩૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ

**ખાસ નોંધ: કસબની તૈયાર સાડીઓ ચણીયા ચોલીમાં 40% થી 50% ડિસ્કાઉન્ટ**

દિવાળી સુધી દરરોજ સેલ ચાલુ
**મહાવીર એમ્બ્રોડરી,**
મહાવીર કેમ્પ, માટુંગા સે.રેલ્વે મુંબઈ ૧૯
24025070 / 8652239537



**અસલ કલા-કસબનો સમન્વય**
**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

મુંબઈમાંથી જો સંમેલનમાં આવું પ્રતિનિધિત્વ હોય તો એને સફળ કરવું શક્ય ન થાય.

મુંબઈના જ્ઞાતિજનોમાં જ્ઞાતિ અંગે નિરસતા છે એવી ગેરસમજણ દૂર કરવા મુંબઈ મહાજનના અધિકારીઓ અને વ્ય. સમિતિના સભ્યોએ આ અંગે સત્વરે નક્કર પરિણામલક્ષી કાર્યવાહી કરવી જરૂરી બને છે. એ વિષે બે મત ન હોઈ શકે.

સમગ્ર જ્ઞાતિમાં સંમેલન બાબતે પર્યાપ્ત ઉત્સાહ દર્શાવાય તે માટે સમસ્ત મહાજનના આગેવાનો ટીમો બનાવીને મુખ્ય શહેરો કે જ્યાં આસપાસના વિસ્તારના જ્ઞાતિજનો તથા આગેવાનોને બોલાવી શકાય ત્યાં જશે એવું. વરાયેલા સંમેલન પ્રમુખનું સૂચન સંમેલનમા વધુ સહભાગ સુનિશ્ચિત કરશે.

એકંદરે રાયપુર સંમેલનને સફળ બનાવવા શ્રેષ્ઠ પ્રયત્નો થઈ રહ્યા છે, જેનો પડઘો મુંબઈ સિવાય સર્વત્ર ઝીલાઈ રહ્યો છે. જોકે, આ બેઠક પછી મુંબઈ પણ એ મુખ્ય પ્રવાહમાં સંકળાશે એટલું જ નહીં પોતાના મોભા અને પરંપરા પ્રમાણે સંમેલનને સફળ બનાવવામાં સિંહફાળો આપશે એવો આશાવાદ ઉક્ત છેલ્લી બેઠકમાં વ્યક્ત થતો જણાયો.

આયોજક મહાજનના આગેવાનોએ પોતે કરેલી તૈયારીઓનો આછો ખ્યાલ આપીને સૌ મહાજનોને બહોળી સંખ્યામાં પધારવા અનુરોધ કર્યો છે.

આ બેઠક પરથી એવું તારણ કાઢી શકાય કે સમસ્ત મહાજનના આગેવાનો સંસ્થાને ચેતનવંતી બનાવવા ગંભીરતાથી વિચારી રહ્યા છે, પણ આ બધા માટે બંધારણમાં કેવા પ્રકારના સુધારાવાની જરૂર છે એ બાબતની ચર્ચા એકદમ પ્રારંભિક તબક્કામાં છે.

અલબત્ત, ટૂંક સમયમાં જ આ વીશલીસ્ટ (ઈચ્છા યાદિ) પ્રમાણે બંધારણમાં આવશ્યક સુધારા કરવાનો મુસદ્દો બનાવવાનું કામ જાણકારો અને નિષ્ણાતો આદિને સોંપાઈ જશે.

લેખકે સંમેલનને સફળ બનાવવા ત્રણ સૂચન કર્યા.

૧. સંમેલનની જાહેરાત થયા પછી મહાસમિતિની ઘણી બેઠકો યોજાઈ પણ તેમાં સહભાગનો અભાવ હતો એટલે સંમેલન પહેલાં તાલીમ તરીકે મહાસમિતિના કમ સે કમ ૭૫ ટકા સભ્યો હાજર હોય એવી સભા બોલાવી લેવી. તેમાં સારી રીતે ચર્ચા વિચારણા કરી ખરડાઓ એવી રીતે તૈયાર કરવા કે જે ચર્ચા કરવી હોય તે અગાઉજ થઈ જાય અને તેને મંજૂર કરવાની બાકી ઔપચારિક્તા જ રહે.

૨. સંમેલનની ઔપચારિક્તા ઓછી કરી તેને બે દિવસનું બનાવવું જો સંમેલન માત્ર શુક્રવાર તા. ૨૬-૧૨ અને શનિવાર તા. ૨૭-૧૨-૧૪ નું હોય તો તેની આગળ પાછળના બે દિવસ નાતાલ અને રવિવારની રજાઓ આવે છે જેથી જ્ઞાતિજનો પોતાના રૂટીનમાં વધુ ફેરફાર કર્યા વગર સંમેલનમાં સહભાગી થઈ શકે.

એકંદરે અત્યાર સુધી માલગાડીની જેમ ચાલતી રાયપુર સંમેલનની ગાડી હવે પેસેન્જર ટ્રેન જેવી બની છે તેને મેઈલ - એક્સપ્રેસ - સુપર ફાસ્ટ - બુલેટ જેવી બનાવવાની આપણા સૌની ફરજ છે.

**- ચંદ્રસેન મોમાયા**


## પુજારી જોઈએ છે

શ્રી તેરા તીર્થ (અબડાસા) કચ્છ માટે અનુભવી પુજારીની જરરત છે. રહેવાની સગવડ આપવામાં આવશે. દંપતિ પરિવાર હશે તો બેઉ જણને કામ આપવામાં આવશે. અપેક્ષીત પગાર તથા આપની અંગત વિગતો સાથે અરજી કરો:

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ**

તેરા - કચ્છ, તાલુકા : અબડાસા - ૩૭૦૬૬૦ ફોન : 02831 - 289223 / 289224

## મહેતાજી જોઈએ છે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - તેરા સંચાલીત ભોજનશાળા તથા અતિથીગૃહની વ્યવસ્થા સંભાળી શકે તેવા ઉત્સાહી મહેતાજીની જરૂરત છે. કુટુંબ સાથે રહેવાની સગવડ આપવામાં આવશે. અપેક્ષીત પગાર તથા અંગત વિગતો સાથે અરજી કરો.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ,**

તેરા - કચ્છ, તાલુકા : અબડાસા - ૩૭૦૬૬૦ ફોન : 02831 - 289223 / 289224

॥ નમામિ જ્ઞાતિ મૈયા ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન

ના કોઈની માથે, સદા સૌની સાથે

C/o. સેક્રેટરી જનરલ : **ચીમન મોતા** - તન-મન ટુર એન્ડ ટ્રાવેલ્સ : ૧૯-૨૦ મોનાણી સદન, J. N. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૯૦૩૫૧૪/૫/૬

જ્ઞાતિનું સળગ ૪થું, સમસ્ત મહાજન દ્વારા આયોજીત પ્રથમ

## જ્ઞાતિ સંમ્મેલન

**પૌષ સુદ ૫,૬,૭ શુક્ર, શનિ, રવિ, ૨૬, ૨૭, ૨૮ ડીસેમ્બર ૨૦૧૪**

**રાયપુર : છત્તીસગઢ**

યજમાન : શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ / મહાજન-રાયપુર
સહકાર્ય : શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ

**પ્રદર્શન વેંચાણ મેળો** — જ્ઞાતિના ઉદ્યોગગૃહો, વ્યાપારી એકમો, ગૃહઉદ્યોગો, કુટીરઉદ્યોગો અને વ્યક્તિગત માટે ટોકન એમાઉન્ટથી તેમજ મંડળો, સંસ્થાઓને નિશુલ્ક : સ્ટોલ ફાળવવામાં આવશે.

**મહાજન ટ્રસ્ટ, સંઘ, મંડળ, સંસ્થાઓ વિગેરે માટે મંચ** — જ્ઞાતિને સ્પર્શતી પ્રવૃતિઓ, કાર્યોને વેગ આપવા આપનો સંદેશ જ્ઞાતિ સમ્મેલન સમક્ષ મુકવા, મર્યાદિત સમયની ફાળવણી વિચારાધીન છે. લેખિત અરજીઓ આવેથી વિચારણા કરી, મંચ પુરું પાડવા પ્રયતનશીલ છીએ.

**ઐતિહાસિક અવસરનું સ્મરણિકા સંભારણુ** — આ ઐતિહાસિક અવસરે પ્રસિધ્ધ થનાર માહિતીપ્રદ, રંગીન દળદાર સ્મરણિકા ગ્રંથમાં આપ જ્ઞાતિહિતની ઉપયોગી માહિતી, ઐતિહાસિક અવસરો, અલભ્ય ફોટાઓ વિગેરે મોકલાવવા નિમંત્રણ છે. સમયસર માહિતી મળેથી એને યોગ્ય સ્થાન આપવા પ્રયાસ કરાશે.

**યાત્રા** — ઊવ્વસગ્ગહરં સહિત આજુબાજુના તીર્થોની સ્પર્શના તા. સોમવાર તા. ૨૯-૧૨-૨૦૧૪ — **યાત્રા**

**સમ્મેલન ને ફળદાયી બનાવવા સૌનો, તન - મન ધનથી સાથ સહકાર, સલાહ - સુચન અને સક્રીય સહભાગ અત્યંત આવશ્યક છે.**

**લાઇફ ટાઇમ એચીવમેન્ટ સમસ્ત એવોર્ડ** — વિભિન્ન ક્ષેત્રમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કે જ્ઞાતિ સ્તરે અનન્ય યોગદાન આપનાર જ્ઞાતિજનોને એવૉર્ડ આપી સન્માનવામાં આવશે. સુપાત્ર જ્ઞાતિજનો કે તેમના સ્વજનોને તેમના બાયોડેટા (જાત માહિતી) તા. ૫-૧૦-૨૦૧૪ સુધી સમસ્તનાં કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ. અને આવા નામો પ્રત્યે અમારૂં ધ્યાન દોરવા અનુરોધ છે.

આપના સુચનો / ખરડા તેમજ બંધારણમાં સુધારા ઈચ્છતા હો તો તેને મોકલાવવામાં હવે વિલંબ ચાલે તેમ નથી, માટે સમય મર્યાદાને ધ્યાનમાં લઈ ત્વરીત કલમ ઉપાડો... અને જ્ઞાતિના પ્રવાહને કરવટ બદલવામાં, એને સુદ્રઢ બનાવવામાં નિમિત્ત બનો.

વધુ માહિતી અને સંપર્કઃ : સમ્મેલન કાર્યાલય - રાયપુર
ફોન : 0771 - 4014188, 2882526

## ‘‘ઘાટકોપરમાં જિનશાસનનો ડંકો વાગે છે
## અનંતછાયામાં પર્યુષણ પર્વ મહોત્સવથી ગાજે છે’’

ઘાટકોપર અનંતછાયાની ધન્ય ધરા શ્રી અનંતનાથ દાદાની અસીમ અનરાધાર કલ્પવૃક્ષશ્રી જેમ વરસતી કૃપા બળે શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ની. દિવ્યાકૃપા, શ્રી અચલગચ્છીધિપતિ પ. પૂ. તપસ્વીરત્ન આ. ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના. શુભાશીર્વાદ, સાહિત્ય સમ્રાટ સંઘવત્સલ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ના. આજ્ઞા આશીષે અને પ. પૂ. યતિવર્ય શ્રી મોતિસાગર ક્ષમાનંદજીશ્રીજી મ.સા.ના. માર્ગદર્શનથી આરાધનાનો અણમોલ ખજાનો લઈ પધારેલા પર્વાધિરાજ પર્યુષણની આરાધના શ્રા.વ. ૧૩ થી મિતભાષી પ. પૂ. સા. ચારૂલતાશ્રીજી મ.સા.ના. શિષ્યા પરેલ થી ઉગ્રવિહાર કરીને ઘાટકોપર અનંતછાયા મધ્યે પર્યુષણ મહાપર્વ ઉજવવા પ. પૂ. સા. શ્રી નયદર્શાશ્રીજી મ.સા. તથા ૯૫ મી આયંબીલની ઓળીના આરાધક તપસ્વી પ. પૂ. સા. શ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ.સ.ની નિશ્રામાં ઉછળતા ઉમળકાથી શરૂ થયેલ.

સારી સંખ્યામાં આરાધક ભાઈ - બહેનો જિનવાણી શ્રવણ પ્રતિક્રમણ વગેરે અનુષ્ઠાનોમાં હરખભેર જોડાયા. તપસ્વીઓએ પણ સુંદર - અનુમોદનીય - ઉગ્ર તપશ્ચર્યા કરી રંગ રાખ્યો. વિશાળ મંડપ પણ જાણે નાનો પડી રહ્યો હતો. ભાદરવા વદ અમાસના પોથી પધારાવવાનો લાભ કુ. જીનલ કિરીટ કુરૂવા ગામ ગોધરાવાળા પરિવારે લીધેલ. સકળ સંઘના સથવારે વાજતે ગાજતે બેન્ડ સાથે ખુબજ સારી સંખ્યામાં ભવ્યાતિભવ્ય શોભા યાત્રા નીકળી હતી તેમજ રાત્રીના પોથીનું જાગરણ અનંતછાયા મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ.

એકમના દિવસે સાહેબજીને કલ્પસુત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી શિયાડ પરિવાર ગામ જખૌવાળાએ લીધેલ હતો. ત્યારબાદ જ્ઞાનની પાંચ પૂજાનો લાભ - ૧ લી પૂજા શેઠ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર - વરાડીયા, ૨ જી પૂજા - માતુશ્રી કાંન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર - કોઠારા, ૩ જી પુજા - માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના પરિવાર - નલીયા, ૪ થી પુજા - સાંધવ રત્ન શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર - સાંધવ, ૫ મી પુજા - શેઠશ્રી આંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવારે લીધેલ હતા.

બીજના દિવસે શ્રી મહાવીર જયંતી નિમિત્તે ૧૪ સ્વપ્નના દર્શનના અનોખા કાર્યક્રમથી ઘાટકોપર અનંતછાયાનો રંગમંડપ ગાજી ઉઠયો, ગુરૂપૂજનનો લાભ માતુશ્રી કાંન્તાબાઈ ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવારે લીધેલ. ત્યારબાદ મોક્ષની બારી ખોલવાનો લાભ : માતુશ્રી કાંન્તાબાઈ ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવારે લીધેલ. ત્યારબાદ ૧૪ સ્વપ્નની ધૃત મણની ઉછામણી થઈ.

| **સ્વપ્ન ઝુલાવવાનું નામ :** | **સ્વપ્ન પાટ પાસે પધરાવવાનું નામ :** |
|---|---|
| ૧. શેઠશ્રી સંજયભાઈ રતીલાલ લોડાયા (અજાણી) પરિવાર | - શેઠ શ્રી જયંતીલાલ ખીમજી ગડા<br>હ. શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. સંઘ. |
| ૨. માતુશ્રી પદમાબેન અશોકભાઈ કલ્યાણજી ભેદા પરિવાર | - શ્રી ચેતનભાઈ મેઘજી મોતા પરિવાર અને<br>શ્રીમતી રાજુલબેન ભદ્રેશભાઈ પટેલ પરિવાર |
| ૩. માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી શીયાડ પરિવાર | - સાંધવરત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર |
| ૪. માતુશ્રી પદમાબેન અશોકભાઈ કલ્યાણજી ભેદા પરિવાર | - માતુશ્રી પદમાબેન અશોકભાઈ કલ્યાણજી ભેદા પરિવાર |
| ૫. માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર | - માતુશ્રી કાંન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર |
| ૬. માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર | - માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી શિયાડ પરિવાર |
| ૭. માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર | - શેઠશ્રી બીપીનભાઈ માણેકજી મહેશ્વરી પરિવાર |

| | |
|---|---|
| ૮. માતુશ્રી રાજબાઈ રતનશી મૈશેરી પરિવાર | - માતુશ્રી ચંદનબેન રતીલાલ લાપશીયા પરિવાર |
| ૯. શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર | - શેઠશ્રી રામજી લાલજી ખોના (ગુરૂભક્ત) પરિવાર |
| ૧૦. માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર | - શ્રી અનંત સમર્પણ - ઘાટકોપર |
| ૧૧. મે. ઉમરશી મણશી ખોના એન્ડ કું. | - મે. ઉમરશી મણશી ખોના એન્ડ કું |
| ૧૨. મૈત્રી ગ્રુપ - ઘાટકોપર | - માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર |
| ૧૩. માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર | - સાંધવરત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર |
| ૧૪. માતુશ્રી કસ્તુરીબેન પદમશી દંડ પરિવાર | - માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર |
| ૧૫. પારણું - માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર | - શ્રી કે.ડી.ઓ.- જી.વી.સી. જૈન સંઘના કાર્યકર્તાઓ |

સ્વપ્નના દિવસે સંઘ તરફથી સાધર્મિક ભક્તિ પણ રાખવામાં આવેલ હતી.

પર્વ દરમ્યાન કુળધૃત મણ ૭,૦૫,૪૦૩ થયેલ. ભાદરવા સુદ ૩ ના દિવસે અનંતનાથ જિનાલયેથી સવારના વ્યાખ્યાન બાદ પૂજ્ય શ્રી ગુરૂભગવંતની સાથે અને બેન્ડની સરગમ વચ્ચે બહોળી સંખ્યામાં પારણાનો ભવ્ય વરઘોડો નીકળેલ. સૌ. સારી સંખ્યામાં વરઘોડોમાં જોડાયા હતા. રાત્રી જાગરણ અનંતછાયાના રંગમંડપમાં ભરત શાહ એન્ડ પાર્ટી દ્વારા પરમાત્માની ભક્તિ થઈ.

ચોથના દિવસે તપશ્ચર્યા કરનાર તપસ્વીઓનું બહુમાનનો લાભ માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવારે લીધેલ હતો.

પાંચમના દિવસે પ. પૂ. સાહેબજીને બારસા સુત્ર વહોરાવવાનો સંયુક્ત લાભ માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર તથા શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવારે લીધેલ હતો. પાંચ જ્ઞાનની પુજાનો લાભ ૧ લી પૂજા - શેઠશ્રી માણેકજી નેણશી દંડ પરિવારે લીધેલ. ૨ જી પુજા - માતુશ્રી અરૂણાબેન ચીમનલાલ નાગડા પરિવારે લીધેલ. ૩ જી પુજા - શ્રી ગુરૂભક્ત પરિવારે (શેઠ શ્રી રામજી લાલજી ખોનાએ) લીધેલ. ૪ થી પૂજા - માતુશ્રી રાજબાઈ રતનશી મૈશેરી પરિવારે લીધેલ. ૫ મી પુજા નો લાભ શ્રી અનંત સમર્પણ - ઘાટકોપર હ સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવારે લીધેલ. બારસા સુત્રના પાના દર્શનનો સંયુક્ત લાભ શેઠશ્રી નરશી જેઠાબાઈ દંડ પરિવાર અને સાંધવ રત્નશેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવારે લીધેલ હતો. પાચમના દિવસે પ. પૂ. સાહેબજી સાથે ચૈત્ય પરિપાટીનો સયુક્ત લાભ - માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર તથા શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવારે લીધેલ હતો.

ઉદારદિલ દાતાઓના સહયોગથી પર્યુષણની આરાધનાને ચાર ચાંદ લાગી ગયા. ભાદરવા સુદ છઠ્ઠના દિવસે શ્રી અનંતનાથ જિનાલયના દ્વાર ઉદઘાટનનો લાભ શેઠશ્રી શિવજીભાઈ ડુંગરશી મૈશેરી - ગામ જખૌ વાળા પરિવારે લીધેલ હતો. ત્યારબાદ સંઘતરફથી તપસ્વીઓના પારણા - સામુહિક ક્ષમાપના અને સકળ સંઘની નવકાશી વગેરે કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયેલ. પ્રભુજીની આંગી રચના માટે સામગ્રી (સ્ટોન) માતુશ્રી કાંન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવારે આપેલ હતા. ખરેખર ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ આ પરિવારનું ખરા હૃદયપુર્વક આભાર માને છે તથા અનુમોદના કરે છે.

આ પર્વધિરાજ પર્યુષણની આરાધના આયોજન દરમ્યાન શ્રી કે.ડી.ઓ. જી.વી.સી જૈન સંઘના હોદેદારો અને કાર્યકર્તા દ્વારા કાંઈ પણ ભુલચુક થઈ હોય તથા કદાચ ક્ષતિપણ રહી ગઈ હોય તો ખરા હૃદયથી મિચ્છામી દુક્કડમ....

પર્યુષણ પર્વની ઉજવણીમાં સાથ સહકાર આપનાર શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ અને અનંતનાથજી જૈન દેરાસર તથા તેના સાધારણ ખાતાના ફંડોનું ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, અમારા ઉદારદિલ દાતાઓ, કાર્યકર્તાઓ, આરાધકોનો શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘ ખરા હૃદયથી આભાર માને છે.

**લી. શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘના કાર્યકર્તાઓના જય જિનેન્દ્ર**

## શુભાનુબંધ (ભાગ - ૪) ડૉ. પ્રવિણ સી. શાહ વિવેકથી સહજ પડે શુભાનુબંધ

જેમ જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષમાર્ગ એ સૂત્ર છે, તેમ વિવેક અને વૈરાગ્યથી મોક્ષ છે તેવું સૂત્ર પણ છે. **વિવેકરૂપ જ્ઞાનને જ દર્શન અને વિવેકરૂપ ક્રિયાને જ ચારિત્ર કહ્યું છે.** વિવેક એ જ અહીં ધોરણ તરીકે મૂક્યો છે. **વિવેક વગરનો ધર્મ બહુ ગણનામાં નહિ આવે.** વિવેક બે પ્રકારનો છે. ઓઘથી વિવેક અને તત્ત્વપ્રતીતિ- પૂર્વકનો વિવેક. ઓઘથી વિવેક આવે તો અશુભ અનુબંધ શિથિલ પડશે અને જો વિવેક તત્ત્વપ્રતીતિપૂર્વકનો હશે તો અનુબંધ શુભ પડશે.

**વિવેકની વ્યાખ્યા શું? વિવેક એટલે આધ્યાત્મિક ગુણ-દોષની ઓળખ અને તેની યથાર્થ રુચિ.** તેને સાચું શું? ખોટું શું? હેય શું? ઉપાદેય શું? બધી ખબર પડે. તે જ વિવેક છે. આવો વિવેક પ્રગટ્યો છે કે નહિ તેનો તાળો કેવી રીતે મેળવવો? તો કહે છે કે આવા જીવને ચારિત્રનો તીવ્ર અભિલાષ હોય. **૧૦૦ ટકા વિવેક ખીલેલો હોય તો ભાવથી સમકિતી છે તેમ સમજવું.**

**જિનવચન ઉપર શ્રદ્ધા રાખીને નહિ પણ પોતાની પ્રતીતિપૂર્વક ચરણ-કરણનો અભિલાષી હોય.** સમકિત પામ્યા પછી તેને જરા પણ સંસારમાં રહેવું ફાવે નહિ. સમકિત એ જીવને જો તેનું કર્મ ન હોય તો સંસારમાં રહેવા જ ન દે. તે તો સંસારમાંથી નીકળી જ જાય. સમકિન ચારિત્રમોહનીય ન હોય તો એક સેકંડ પણ તે સંસારમાં રહે નહિ. તમને રોગ ગમે છે ખરો? તેમ સમકિતી સંસારના બધાં ભોગસુખો રોગની જેમ સેવે છે, તેમાં તેની મજબૂરી એ કારણ છે. તમે સંડાસમાં વધારે સમય બેસવા તૈયાર થાઓ ખરા? માણસને જ્યાં ન ફાવતું હોય ત્યાં તે વધારે રહે ખરો?

ભગવાન મહાવીરનો જીવ ચોથા આરાની શરૂઆતમાં સમકિત અવસ્થાને પામ્યો હતો અને મરિચીના ભવે કોટાકોટી સંસાર- પરિભ્રમણનું કર્મ બાંધ્યું અને છેક છેલ્લા ભવે તીર્થંકર થયા. ભૂતકાળના અશુભ અનુબંધમાં ફેરફાર ન કરી શક્યા તેથી દુર્બુદ્ધિ આવી. નિમિત્ત એવું મળ્યું કે ત્યાં નિમિત્તના કારણે ઉદીરણાકરણ લાગ્યું કષાયના નિમિત્તોમાં જવાનું, પણ ત્યાં રહેવાનું કેવી રીતે?

સત્ત્વશાળી જીવ કષાયનાં નિમિત્તોની વચ્ચે રહે, પણ ઉદીરણાકરણ લગાડી, કર્મોને ઉદયમાં લાવી, કર્મોને સાફ કરતો જાય, એટલે તે કર્મોના ભુક્કા બોલાવી નાખે. અસમંજસ વૃત્તિથી કરાતા ધર્મથી દર્શનશુદ્ધિ થાય? **અસમંજસ વૃત્તિથી ગમે તેટલાં વ્યક્તિગત જિનમંદિરો બંધાવે, તો પણ તેને દર્શનશુદ્ધિ ન થાય, કારણ કે તે શુદ્ધભાવને સ્પર્શ્યો જ નથી, તેણે વિધિ-પ્રતિષેધ સેવ્યા નથી.**

દર્શનશુદ્ધિનું કારણ તો તેનો અનુરૂપ અધ્યવસાય છે. માટે થોડા પુણ્યબંધથી કાંઈ વળવાનું નથી. અત્યારે કહેવાતા ધર્મી-સુખી લોકોને પૂછો તો કહેશે કે દેવ - ગુરુ-ધર્મની કૃપાએ ઘણું સારું છે. પણ અંદર બારીકાઈથી તપાસીએ કે નીરખીને જોઈએ તો ખબર પડે કે શું શું ભર્યું છે. માટે થોડા ગુણો સેવી ખાલી પુણ્યબંધ કરી લો, પણ જો અનુબંધ અશુભ હશે તો શું? માટે વિચાર કરવા જેવું છે.

તમને દાન દેતાં પણ દાનમાં નહીં પણ પરિગ્રહમાં રસવધુ હોય છે અને તેથી અશુભ અનુબંધ પડે છે. જેને પોતાના મોક્ષની ચિંતા નહીં તે ગામના મોક્ષની શું ચિંતા કરવાનો? સંસારમાં ધર્મ કરવા છતાં વૈરાગ્યની વૃદ્ધિ કેમ દેખાતી નથી? કારણ કાં તો તે કુલાચારથી ધર્મ કરે છે યા મનસ્વીપણે ધર્મ કરે છે.

સંસારના રસિક જીવોને ૧૮ પાપસ્થાનકમાં જ રસ હોય છે. મિથ્યાત્વશલ્ય તમને હેયમાં ઉપાદેયબુદ્ધિ અને ઉપાદેયમાં હેયબુદ્ધિ કરાવે છે, જ્યારે અપુનર્બંધક અવસ્થાવાળા જીવોને મિથ્યાત્વ મંદ હોય છે. મિથ્યાત્વ મંદ હોવાને કારણે તેને પાપના અનુબંધ શિથિલ પડશે અને થોડોક વિવેક હશે માટે થોડો પુણ્યનો અનુબંધ પડશે. મિથ્યાત્વશલ્યના કારણે જ અત્યાર સુધી કર્મો ક્રમશઃ વધતા જતા થતા હતા જેનું હવે વિસર્જન ચાલુ થશે.

ચારિત્રમાં એટલે કે ધર્મમાં ધર્મબુદ્ધિ અને અવિરતિમાં એટલે અધર્મમાં અધર્મબુદ્ધિ થવી જ જોઈએ. તે જ વિવેક છે અને તે જ અનુબંધનું કારણ છે. માટે જ્યારે શુભાશ્રવ કરો ત્યારે અનુબંધ પર નજર રાખવાની છે.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું છે કે, સંસારના તીવ્ર રસવાળા જીવોને તાત્ત્વિક ધર્મની વાતો કરીએ તો દ્વેષ થાય કારણ કે તેમના અર્થ-કામના રસ પર પ્રહાર થાય છે. આ તેમનું ગાઢ મિથ્યાત્વ છે. **- ક્રમશઃ**




તૃતીય પ્રયાસને ભવ્ય પ્રતિસાદ બાદ પુન : આયોજન

શ્રી શત્રુંજય મહા તીર્થાધિરાજની

# ચૌવિહારી છટ્ઠ કરીને સાત યાત્રા

વિશિષ્ઠ આયોજનનું સૂત્ર સંચાલન

## શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ

૧૦૩, ૧લે માળે, મેઘરત્ન એપાર્ટમેંટ, દેરાસર લેન, તીલક રોડ જંક્શન, ઘાટકોપર (પૂ.), મુંબઈ-૭૭. ફોન: ૨૫૦૧૧૭૮૮







**ગુરૂદેવની કૃપા**

દિવ્યકૃપા : અચલગચ્છાધિરાજ, રાષ્ટ્રસંત, પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
સૌમ્યસ્વભાવી, સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**નિશ્રા દાતા : પ.પૂ. ગચ્છાધિપતિ તપસ્વીરત્ન, આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

### સાત જાત્રાનો મહિમા

શ્રી શત્રુંજય મહા તીર્થાધિરાજની ભાવપૂર્વક ચૌવિહારી છટ્ઠ કરીને સાત જાત્રા કરનારને ત્રીજે ભવે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ખાસ યુવાન વર્ગ માટે આ યાત્રાનું આયોજન નાતાલ વેકેશનમાં રાખવામાં આવેલ છે.**

થોડાક જ ફોર્મ બાકી હોવાથી જલ્દીથી ફોર્મ મેળવીને ભરી લેવા વિનંતી. વડીલોને વિનંતી કે આ જાહેર ખબર યુવાન વર્ગોને વંચાવશો. સર્વ સંઘોને નમ્ર વિનંતી ભરેલા ફોર્મ ઘાટકોપર ઓફીસે પહોચાડવા વિનંતી અથવા નીચે આપેલ કાર્યકર્તાઓને સંપર્ક કરવા વિનંતી.

### શુભ દિવસ

| | |
|---|---|
| મુંબઈથી ટ્રેન દ્વારા પ્રયાણ....... | તા. ૨૪-૧૨-૧૪ને બુધવાર |
| પાલીતાણા આગમન............. | તા. ૨૫-૧૨-૧૪ને ગુરૂવાર |
| અત્તર પારણા.................. | તા. ૨૫-૧૨-૧૪ને ગુરૂવાર |
| ચૌવિહારી છટ્ઠ કરીને સાત યાત્રા | તા. ૨૬-૧૨-૧૪ને શુક્રવાર |
| | તા. ૨૭-૧૨-૧૪ને શનિવાર |
| છટ્ઠનું પારણું, તથા સાંજે પ્રયાણ | તા. ૨૮-૧૨-૧૪ને રવિવાર |
| મુંબઈ આગમન.................. | તા. ૨૯-૧૨-૧૪ને સોમવાર |

**નોંધ :** ૧૫ થી ૫૦ વર્ષના શરીરે નિરોગી ભાઈઓ અને બહેનોએ જ ફોર્મ ભરવું. ફોર્મ ભરી સાથે સ્ટેમ્પ સાઈઝના બે ફોટો તથા રીફંડેબલ ડીપોઝીટ રૂા. ૧,૦૦૦/- ભરીને તા. ૩૦-૦૯-૨૦૧૪ મંગળવાર પહેલા ભરી જવા. ગંભીર બિમારીવાળા ભાઈ-બહેનોએ આ ફોર્મ ન ભરવું.

**ખાસ નોંધ: સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે રૂા. ૨૦૦ રિફંડેબલ ડિપોઝીટ રાખેલ છે.**

### -: ફોર્મ મેળવવાના સ્થળો :-

- **મુલુંડ (વેસ્ટ)**
  **અચલગચ્છ જૈન વાસુપુજ્ય દેરાસર ઉપાશ્રય**
  ઝવેર રોડ, મુલુંડ (વે.), મુંબઈ - ૮૦.
- **ભાંડુપ (વેસ્ટ)**
  **શ્રી ક. વી. ઓ. અચલગચ્છ જૈન સંઘ**
  શક્તિ એપાર્ટ., બી-વિંગ, ૧લે માળે,
  એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વે),
  મુંબઈ-૪૦૦ ૦૭૮.
  ફોન: ૨૫૯૫૩૨૧૪
- **લાલબાગ**
  **શ્રી સુવિધિનાથ જૈન દેરાસર**
  લાલબાગ.
  ફોન: ૨૪૭૧૦૩૮૦
- **બોરીવલી (વેસ્ટ)**
  **મુકેશ ધનજી ગડા**
  બી-૩૦૧, આદેશ્વર કૃપા,
  એસ.વ્હી.પી. રોડ,
  બોરીવલી (વેસ્ટ).
  ફોન: ૨૮૯૩૮૮૫૧

### ફોર્મ મેળવવાનું અને પાછા આપવાનું સ્થળ

- **ઘાટકોપર (ઈસ્ટ)**
  **શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર**
  ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ,
  જીરાવલ્લા દેરાસરની સામે,
  ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭.
  ફોન: ૨૫૦૧૧૭૮૮
- **હિંદમાતા**
  **બંસીલાલ લાલજી લાપસીયા**
  ઈમ્પ્રેશન, ડૉ. આંબેડકર રોડ,
  હિંદમાતા. ફોન: ૨૪૧૭૪૩૧૮
- **બોરીવલી (વેસ્ટ)**
  **આશાપુરા સાડી સેંટર**
  સ્ટેશન પાસે,
  બોરીવલી (વેસ્ટ).
  ફોન: ૯૮૧૯૩૮૦૪૧૬
- **ડોંબીવલી (ઈસ્ટ)**
  **ગીતા સ્ટોર**, હનુમાન કેને ચાલ,
  પ્રગતિ કોલેજની બાજુમાં,
  ડી. એન. સી. રોડ, ડોંબીવલી (ઈ).
  અશોક સાવલા - ૯૩૨૧૨૪૯૮૨૫

**આ સિવાય ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છના સાધુ-સાધ્વીજીઓ પાસે પણ ફોર્મ મળશે.**

**યાત્રા દરમ્યાન યાત્રિકોની વૈયાવચ્ચ કરવા ઈચ્છતા સ્વયંસેવકોએ નીતીનભાઈનો સંપર્ક મો.નં.: ૯૮૯૨૯૫૦૮૧૪ પર સાધવા વિનંતી.**

### સુકૃતના લાભાર્થી પરિવારો

★ માતુશ્રી હિરાવંતીબેન તલકચંદ લોડાયા બારોઈ/મુલુંડ ચેકનાકા હસ્તે ધૈર્ય, પંચમી
★ માતુશ્રી જ્યોતિબેન પદમશી રામજી છેડા બાડા/મુલુંડ હઃ કાવ્યા ભક્તિ મૌલિક
★ માતુશ્રી લક્ષ્મીબેન લાલજી દેવજી લાપસીયા નાના ભાડિયા/હિંદમાતા
★ સંઘમાતા પાર્વતીબેન દામજી કુંભા ચરલા આધોઈ/પૂના
★ માનસ આસ્થા એકમ ગ્રુપ હ. અશોક સાવલા ડોંબીવલી
★ માતુશ્રી જ્વેરબેન વસનજી મેઘજી હરીયા દેવપુર/મુલુંડ હ. અંકિત હરિયા અને નેહા ગોસર
★ વિજયકુમાર ભાણજી ગાલા તથા કુસુમબેન મહેતા દેવપુર/જબલપુર
★ સંઘમાતા કસ્તુરબેન પ્રેમજી જીવરાજ ગાલા દેવપુર/લાલબાગ તથા સંઘમાતા કંચનબેન મુકેશ ધનજી ગડા બાડા/બોરીવલી
★ સંઘમાતા રીટાબેન જેઠાલાલ ગડા મો. આસંબીયા/માટુંગા તથા માતુશ્રી દમયંતીબેન નરશી જાદવજી ગોસર વીંઢ/ઘાટકોપર સરલાબેન તરૂણ તથા ભાવના હરખચંદ
★ સંઘમાતા મણીબેન રામજી કાનજી ગાલા ઘાટકોપર/દેવપુર (ગણેશ ચાયવાલા)

**લિ. આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ વતી**

પરેશ પ્રેમજી ગાલા - ૯૮૨૧૦૫૬૪૦૧ • કાંતીલાલ નાનજી ગડા - ૯૯૮૭૬૪૨૨૦૦
મુકેશ ધનજી ગડા - ૯૮૨૧૨૩૮૧૨૮ • દેવચંદ વેલજી ગડા - ૯૮૯૨૭૯૩૭૮૩ • સુરેન્દ્ર રતીલાલ ગાલા - ૮૧૦૮૧૮૩૮૨૯
કિર્તી ભવાનજી હરિયા • મયુર કુંવરજી છેડા • બંસીલાલ લાલજી લાપસીયા • મણીલાલ રવજી કુરિયા

UPASANA - 9820167767

## નારી પ્રત્યે જૈનધર્મનો દષ્ટિકોણ - ડૉ.પ્રવીણભાઇ સી.શાહ (ભાગ-૩)
## મૂળ જૈન વિચારો પર હિંદુપ્રભાવથી પીછેહટ




જૈનધર્મ સંઘમાં નારીની મહત્તાને યથા સંભવ સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મથુરામાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખો પરથી એ સ્પષ્ટ થાય છે કે ધર્મકાર્યોમાં પુરૂષોની જેમ જ સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. સ્ત્રીઓ માત્ર પુરૂષોની જેમ ધર્મકાર્યોમાં ભાગ લેતી હતી એટલું જ નહિ પણ પોતાની ઈચ્છા પ્રમાણે દાન કરતી હતી અને મંદિર પણ બંધાવતી અને બંધાવવાના કાર્યમાં ભાગીદારી બનતી હતી.

આગમિક કાળમાં સંઘના પ્રમુખના રૂપમાં આચાર્યનું પદ પુરૂષના અધિકારમાં હતું. કોઈપણ સ્ત્રી આચાર્ય થયાનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી. પરંતુ ગણિની, પ્રવૃર્ત્તિની, ગણાવચ્છેદિની, અભિષેકા વગેરે પદો સ્ત્રીઓને પ્રદાન કરવામાં આવતા હતા અને આ વ્યવસ્થા સાધ્વી સંઘની સ્વતંત્ર રૂપે આંતરિક વ્યવસ્થા હતી.

યુવાન ભિક્ષુણીઓ-સાધ્વીઓની સુરક્ષાનું કાર્ય ભિક્ષુ સંઘને સોંપવામાં આવ્યું હતું. પરંતુ સામાન્ય રીતે ભિક્ષુણીઓ પોતાની સુરક્ષાની વ્યવસ્થા સ્વયં રાખતી હતી. કારણ રાત્રિના સમયે અથવા પદયાત્રા-વિહારમાં સાધુ અને સાધ્વીઓને એક સાથે રહેવાનું વર્જિત ગણાતું હતું. તેથી ભિક્ષુણી-સાધ્વી સંઘમાં સુરક્ષા પ્રતિહારી વગેરેની નિમણુક કરવામાં આવતી. આ રીતે સાધના ક્ષેત્રમાં નારીના ગૌરવને યથાસંભવ સુરક્ષિત રાખવામાં આવ્યું. એ વાત નિશ્ચિત થાય છે કે આગમિક વ્યાખ્યાઓના યુગમાં અને તે પછીના સમયમાં જૈન પરંપરામાં સ્ત્રીની અપેક્ષાએ પુરૂષોને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે.

જ્યાં સુધી વ્યાવહારિક જીવનનો પ્રશ્ન હતો ત્યાં સુધી જૈનાચાર્યો હિંદુ-ચિંતનથી પ્રભાવિત રહ્યા હતાં. મનુસ્મૃતિમાં સામાન્ય વ્યવહારભાષ્યમાં પણ કહેવામાં આવ્યું છે કે જન્મ પછી સ્ત્રી પિતાને આધીન, વિવાહિત થયા પછી પતિને આધીન અને વિધવા થયા બાદ પુત્રને આધીન હોય છે, એટલે કે તે પોતે કદી સ્વાધીન નથી હોતી. આ પ્રમાણે આગમિક વ્યાખ્યા સાહિત્યમાં સ્ત્રીની સ્વાધીનતા મર્યાદિત કરવામાં આવી છે.

અર્થોપાર્જન અને કૌટુંબિક વ્યવસ્થાની દષ્ટિએ જૈનધર્મીઓમાં પણ પુત્રની પ્રધાનતા રહી હોય, પરંતુ જ્યાં સુધી ધાર્મિક જીવન અને સાધનાનો પશ્ન હતો ત્યાં જૈન ધર્મમાં પુત્રની મહત્તાને કોઈ સ્થાન ન હતું. જૈન કર્મ સિધ્ધાંતે સ્પષ્ટ રીતે ઉદ્ઘોષિત કર્યું છે કે વ્યક્તિ પોતાના કર્મો અનુસાર સુગતિ અથવા દુર્ગતિમાં જઈને ભોગવે છે. સંતાન દ્વારા કરેલા કર્મકાંડો પૂર્વજોને કોઇ પણ રીતે પ્રભાવિત કરતા નથી.

વિવાહ-વ્યવસ્થા પ્રાચીન કાળથી લઈને આજ સુધી માનવ સમાજ વ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ અંગ રહી છે. જૈન ધર્મના અનુયાયીઓમાં પ્રાચીનકાળથી વિવાહ વ્યવસ્થાને ખાસ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. ધાર્મિક દષ્ટિએ તે સ્વપત્ની અથવા સંતોષવ્રતની વ્યવસ્થા કરે છે એનું તાત્પર્ય એ છે કે વ્યક્તિએ પોતાની કામવાસનાને સ્વપતિ અથવા સ્વપત્ની સુધી સીમિત રાખવી જોઈએ. જેને માટે બ્રહ્મચર્યનું પાલન સંભવ ન હોય તેણે લગ્ન કરવા જોઈએ.

માતા-પિતા દ્વારા આયોજિત આ વિવાહ વિધિમાં સ્ત્રી પુરૂષની સમાનતા પર કોઈ પ્રભાવ પડતો નથી.

પ્રાચીકાળથી માંડીને આજદિન સુધી વિવાહ કરવો કે ન કરવો એ પ્રશ્ન સ્ત્રીની વિવેકબુધ્ધિ પર છોડવામાં આવ્યો છે, જે સ્ત્રી એમ સમજતી કે પોતે અવિવાહિત રહીને પોતાની સાધના કરી શકશે તેને વિવાહ કર્યા વિના દીક્ષિત થવાનો અધિકાર હતો.

વિવાહ સંસ્થા જૈનો માટે બ્રહ્મચર્યની સાધનામાં સહાયક થવાના રૂપમાં સ્વીકારવામાં આવી હતી. જૈનોને માટે વિવાહનો અર્થ પોતાની વાસનાઓને સંયમિત કરવાનો હતો. એ લોકોનો જ લગ્ન સંસ્થામાં પ્રવેશ આવશ્યક માનવામાં આવ્યો હતો જે લોકો પૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરવામાં અસમર્થ હોય, અથવા જેણે પૂર્ણ બ્રહ્મચર્યવ્રત ના લીધું હોય માટે એમ કહી શકાય કે જૈનોએ બ્રહ્મચર્યનો આંશિક સાધનાના રૂપમાં વિવાહ-સંસ્થાને સ્વીકાર કરીને નારીની સ્વતંત્ર નિર્ણય શક્તિને માન્ય રાખીને તેના ગૌરવને અખંડિત રાખ્યું છે.

## લોડાયા અને મોતા પરિવારનું ગૌરવ

# ૩૧ ઉપવાસ



**કાર્તિક ગીરીશ સોમચંદ લોડાયા** (ઉ.વ.૨૦)
ગામ-કચ્છ નલિયા હાલ-હૈદરાબાદ

ધન્ય છે તમારી તપસ્યાને,
સ્વીકારજો અમારી અનુમોદના

-:હાર્દિક શુભેચ્છા:-

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : | માતુશ્રી લીલાવંતી સોમચંદ લોડાયા |
| નાના-નાની | : | માતુશ્રી ચંપાબેન ડુંગરશી મોતા |
| માતા-પિતા | : | માતુશ્રી નીલમબેન ગીરીશ લોડાયા |
| મોટા મા-બાપુજી | : | માતુશ્રી રમીલાબેન કિરણકુમાર લોડાયા<br>માતુશ્રી લક્ષ્મીબેન જિતેન્દ્રકુમાર લોડાયા<br>માતુશ્રી હંસાબેન પ્રવિણકુમાર લોડાયા |
| ભાઈ-ભાભી | : | અ.સૌ.ચાંદનીબેન ધીરજ લોડાયા |
| ભાઈ-બહેનો | : | ખુશ્બુ-સુરભી-જિનલ-ભરત-રોશની-રાજુલ-ધવલ-યોગેશ - મુક્તિ- |

## મુંબઈ અનંતનાથજીમાં માતાજીની ભક્તિભાવના

અચલગચ્છના દેવીશ્રી મહાકાલી માતાજી તથા શ્રી ચક્રેશ્વરી માતાજીની ભક્તિ ભાવના મુંબઈ મહાકાલી ઉત્સવના ૧૯માં વરસના સહયોગી પરિવારો તરફથી આસો સુદ ૫ રવિવાર તા ૨૮.૦૯.૧૪ રાગે ૮.૧૫ કલાકે રાખવામાં આવેલ છે.

ભક્તિભાવના પાર્શ્વજિન મહિલા મંડળ ભણાવશે યતિ મોતીસાગરજીશ્રીજી મહારાજ ૧૯ વરસના પહેડીના સહયોગી દાતાઓના સહયોગે આ આયોજન કર્યું છે.

સકલ સંઘના ભાઈ બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

Shree Chandraprabhu Swami Namah | Shree Shitalnathaya Namah | Shree Vimalnathay Namah

# Congratulations







**Dr. Varun Ketan Gosar**
Bachelor in Dental Surgery (B.D.S.)
(Kutch – Goersama – Dhuliya)

**ER. Harshad Ketan Gosar**
Bachelor in civil Engg. (B. E. Civil)
(Kutch - – Goersama – Dhuliya)

***Heartly congratulations to Dr. Varun Ketan Gosar for successfully completing his Bachelors in Dental surgery and ER. Harshad Ketan Gosar for successfully completing his Bachelors in civil engineering. Family wishes all the best for their bright future .***

**-: Well Wishers :-**

**Matoshri : Jayabai Thakarsi Ransi Gosar Family**
**M/s. Varsha Construction Company, Dhuliya**
**Ms. Gosar Develpers, Dhuliya**
**Contact : 9422288616**

**Jai Jinendra**

## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

કાર્યાલય : એ -૧૩/૧૦, અપુર્વ એપાર્ટમેન્ટ, ગોવર્ધનનગર, એલ.બી.એસ.માર્ગ, મુલુંડ(પ) મુંબઈ ૪૦૦ ૦૮૦

# રજત જ્યંતી વર્ષ : ૨૦૧૪-૧૫

**પ્રમુખઃ કિશોર ગોવિંદજી કાયાણી (મુલુંડ) 9821915545**
**ઉપપ્રમુખ : શરદ હેમરાજ મોમાયા (હુબલી) 94481 16002**
**માનદમંત્રીઃ દીપક ગંગાજર ડાઘા(મુલુંડ) 89760 17830**
**સહમાનદમંત્રી : સતીષ પ્રવિણચંદ્ર લુઠીયા(ગદગ) 98452 58214**
**ખજાનચી : કાંતીલાલ લખમશી વિકમશી(મુલુંડ) 98330 68881**

**રજત જયંતી વર્ષ નિમિત્તે**

**ઓક્ટોબર ૧૪થી ૧૫ સુધી ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજનામાં મેમ્બર થનારા જ્ઞાતિજનો માટે રૂ.૨૦૦/- ની રાહત રૂ.૨૨૦૦/- બદલે રૂ.૨૦૦૦/- ભરી યોજનાનો લાભ લો.**

**સામાજિક સુરક્ષા લાભાંશ રૂ.૭૫,૦૦૦/-**

**અકસ્માતે અવસાન થતા વધારાનું રૂ.૭૫૦૦૦/- નું વળતર**

**નિવૃત્ત થતા સભ્યોને મેમ્બરશીપની મુદત મુજબ ડીપોઝીટ રીફંડ સાથે ડીપોઝીટના ૧૦૦% સુધી બોનસ**

છેલ્લા ૨૪ વર્ષમાં માર્ચ ૨૦૧૪ સુધી 9555 જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. તેમાંથી **૨૭૧ જ્ઞાતિજનો અવસાન પામતાં તેમના નોમીનીઓને રૂ.૧૩૩.૯૧લાખનું લાભાંશ ચુકવાયું** છે. ૨૧૬૭ સભ્યો રીટાયર થતાં તેમને ડીપોઝીટની રકમ પરત કરાઈ છે.

વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૫૦૦ નવા સભ્યો જોડાયા છે. તથા એપ્રિલ - ઓગસ્ટ ૧૪ સુધીમાં ૩૦૦ સભ્યો જોડાયા છે સંસ્થાનો વહીવટ જ્ઞાતિજનોમાંથી નિયુક્ત કરાયેલા કાર્યલય જનરલ બોડી તથા મેનેજીંગ કમીટીના સભ્યો દ્વારા માનદ રીતે કુશળતાથી કરવામાં આવે છે.

### વિશેષ નોંધ/માહિતી/વિનંતી

● છેલ્લા ૧૫ મહિના દરમ્યાન ગાંધીધામના સામાજિક કાર્યકર શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (જખૌ) એ ૧૬૯ સભ્યો સ્પોન્સર કર્યા છે તથા ક.દ.ઓ.જૈન મહાજન, ગાંધીધામના ઉપક્રમે ૮૭ નવા સભ્યો નોંધાયા છે. જ્ઞાતિના એકમો, સંસ્થાઓ, મહાજનો, મંડળોને પોતાના સભ્યોના પરિવારોને આ યોજનામાં સાંકળી લેવા અનુરોધ છે, જેથી સાધર્મિક ભક્તિનો અનેરો લાભ મળી શકે.

● રજત જયંતી વર્ષ નિમિત્તે ઓક્ટોબર ૧૪થી સપ્ટેમ્બર ૧૫ સુધી ૦ થી ૫૩ વર્ષના જ્ઞાતિજનો રૂ.૨૨૦૦/- ને બદલે રૂ.૨૦૦૦/- ભરી મેમ્બર થઈ શકશે.

● ઘણી કુમારીકા મેમ્બર જેમના હવે લગ્ન થઈ ગયા છે તેમણે પોતાના નામ, નોમીની સરનામું બદલાવ્યું નથી. તેમને ઉપર મુજબ મોબાઈલ /ઈમેલ પર SMS કરવાથી જરૂરી ફોર્મ મોકલી આપવામાં આવશે જે ભરીને પાછું મોકલતા ફેરફારની નોંધણી કરવામાં આવશે તથા રૂ.૫૦/- ભરવાથી નવી સર્ટીફીકેટ મળી શકશે. નામ ફેરફાર ન કરાવ્યું હશે તો અકસ્માત વીમાનો લાભ કદાચ ન મળી શકે.

● સુવર્ણ જયંતિ ઉજવણી નિમિત્તે શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ, મુલુંડ-મુલુંડ વિસ્તારના રૂ.૧.૦૦લાખથી ઓછી આવકવાળા ૫૦ જ્ઞાતિજનોને સભ્યો બનાવશે. તેમની પુરી પુરી અનુમોદના. ઘણા કેસમાં ફક્ત એક જ નોમીની છે તથા ઘણા કેસમાં એક/બન્ને નોમીની અવસાન પામી ચુકયા છે આવા સંજોગોમાં સભ્યનું અવસાન થાય તો ‘લીગલ હેર’ને જરૂરી કોર્ટના દસ્તાવેજો પ્રાપ્ત કરવામાં વિલંબ થઈ શકે છે. દરેક સભ્યોએ પોતાના નોમીની એક કરી યોગ્ય ફેરફાર માટે અરજી કરવા વિનંતી છે. ઈન્ટર કાસ્ટમાં પરણેલી કુમારીકા મેમ્બર સહિત દરેક સભ્યોના નોમીની કે.ડી.ઓ. હોવા અનિવાર્ય છે.

ઉપરના પદાધિકારીઓ ઉપરાંત સંપર્ક સેતુ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (વરલી) - 9820084867

શ્રી ચીમનલાલ મુલજી શિયાડ (સાયન) - 9870000566

શ્રીમતી કાશ્મીરા વિરેન્દ્ર લોડાયા (ચેમ્બુર) - 9821675772

શ્રી ફાલ્ગુન લખમશી ખોના(ભાડુંપ) - 9820620499

શ્રી નીતીન પદમશી ડાઘા (ડોંબિવલી) - 9004391412

શ્રી વીરચંદ ચાંપશી ધરમશી (મુલુંડ) - 9820082475

શ્રી અજિત માલશી લોડાયા (મુલુંડ) - 9869731912

શ્રી પદમકુમાર ધનજી નાગડા (હુબલી) - 9448090307

